## અમે તમને કેવી રીતે મદદ કરી શકીએ?

# "સુરક્ષા...

# ટેકો

# રોકથામ

# સલામતી

# ગુપ્તતા (ખાનગીપણું)

# વાત સાંભળવી

# સમજવી

# એડવોકસી (હિમાયત)

# સહાયતા

# ...અને બીજું ઘણું"

ડોમેસ્ટિક વાયોલન્સ
ઈન્ટિગ્રેટેડ રીસ્પોન્સ
પ્રોજેક્ટ

**અમારો અધિકાર?**

હેરાનગતીથી મુક્ત જીવન જીવવું

**અમારી જવાબદારી?**

ઘરેલૂ હિંસાની સ્વીકૃતિમાં ઘટાડો કરવો

**ઈમર્જન્સીમાં?**

- **999** પર ફોન કરો
- **0808 2000 247** પર **24** કલાક ખુલ્લી હેલ્પલાઈનને ફોન કરો

ચારમાંથી એક સ્ત્રી અને છમાંથી એક પુરૂષ તેમના જીવનના અમુક તબક્કે ઘરેલૂ હિંસાનો અનુભવ કરશે.

LEICESTER PARTNERSHIP AGAINST CRIME & DISORDER

પત્રવ્યવહાર આ સરનામે કરી શકાય છે: PO Box 7675, Leicester, LE1 6XY

ધ ડોમેસ્ટિક વાયોલન્સ ઈન્ટિગ્રેટેડ રીસ્પોન્સ પ્રોજેક્ટ કંપની લિમિટેડ બાય ગેરંટી છે
(no. 5733540)
DVIRP pending charity number

ડોમેસ્ટિક વાયોલન્સ
ઈન્ટિગ્રેટેડ રીસ્પોન્સ
પ્રોજેક્ટ

## શું તમને ઘરેલૂ હિંસા (કૌટુંબિક મારપીટ)ની અસર થયેલી છે?

- ઘરેલૂ હિંસાનો ભોગ બની હોય તેવી કોઈ વ્યક્તિને તમે જાણો છો?
- હિંસક વર્તન આચરવાનું બંધ કરવા માગતી હોય તેવી કોઈ વ્યક્તિને તમે જાણો છો?
- તમને કોઈની સાથે ખાનગીમાં વાત કરવાની જરૂર છે?

ડોમેસ્ટિક વાયોલન્સ હેલ્પલાઈનને ફોન કરો:

## 0116 255 0004

સોમથી શુક્ર સવારે ૧૦થી બપોરે ૩
શનિવાર સવારે ૧૦થી બપોરે ૨.૩૦

સોમથી ગુરૂ સાંજે ૭થી રાત્રે ૯
રવિવાર બપોરે ૧૨થી ૩

અથવા અમને અહીં લખો **PO Box 7675, Leicester, LE1 6XY**

# ઘરેલૂ હિંસા (કૌટુંબિક મારપીટ) શું છે...?

**તમારા જીવનમાં રહેલી કોઈ વ્યક્તિ કદાચ...**

- તમે ક્યાં જાવ છો અને કોને મળો છો તેની પર કાબુ રાખવાનો પ્રયત્ન કરતી હોય
- તમને અને તમને વહાલી હોય તેવી વસ્તુઓ અને/અથવા લોકોને ઈજા પહોંચાડવાની ધમકી આપતી હોય
- તમને નોકરી, બેનિફિટો અથવા સ્વતંત્ર આવક મેળવતાં રોકતી હોય
- તમને દેખાવ, શબ્દો કે હરકતો દ્વારા ડરાવતી હોય
- તમને નીચા પાડતી હોય અને સતત તમારી ટીકા કરતી હોય કે માનસિક રમતો રમતી હોય
- તમને શારીરિક અને/અથવા જાતીય રીતે ઈજા પહોંચાડતી હોય અને તમારે ન કરવી હોય તેવી વસ્તુઓ બળજબરીપૂર્વક કરાવતી હોય
- તમને વ્યવસાયિકોની મદદ મેળવવા ન દેતી હોય, જેમ કે ડોક્ટરો કે નર્સો પાસેથી
- તમારે ભયમાં, ઉદાસ, અસલામતી લાગે તેવી રીતે, ડરાવેલાં, મૂંઝાયેલાં અથવા ગુસ્સામાં જીવવું પડે તેમ તમને રાખતી હોય

**જ્યારે કોઈ વ્યક્તિએ તમને પ્રેમ આપવાનો હોય તે જ વ્યક્તિ જો તમારી સાથે આવો વ્યવહાર કરે તો તેનાથી દુઃખ થાય છે અને મૂંઝવણ થઈ શકે છે - અથવા આ વાંચીને તમને કદાચ તમારું પોતાનું વર્તન આવું હોવાનું ભાન થાય એવું પણ બને.**

ઘરેલૂ હિંસામાં શેનો સમાવેશ થઈ શકે તેનાં આ ફક્ત થોડાંક ઉદાહરણો છે. દુઃખની વાત એ છે કે તે મોટા ભાગે વધારે બગડતું હોય છે, અને તેના લીધે ઘણા લાંબા સમય સુધી ચાલી શકે તેવી ઈજા કે લાગણી થઈ શકે છે. તમને કદાચ કહેવામાં આવ્યું હશે કે તમને ઈજા કે દુઃખ પહોંચાડવામાં આવે છે તેમાં તમારો જ વાંક છે, અથવા તમે ખોટું કહી રહ્યાં છો. તમને કદાચ થોડા સમય પહેલાં ઘરેલૂ હિંસાનો અનુભવ થયો હશે, અને તેની અસર થવાનું ચાલુ રહ્યું હશે. પરંતુ મદદ માટે તમે હજુ પણ અમારો સંપર્ક કરી શકો છો.

# અમે શું કરીશું...?

**જો તમે કોઈની સાથે વાત કરવા માગતાં હશો તો અમે...**

- તમારી વાત સાંભળીશું
- તમને વિકલ્પોની તપાસ કરવામાં મદદ કરીશું
- ટેકો પૂરો પાડીશું - ટેલિફોન પર અથવા પહેલેથી નક્કી કરેલા કોઈ સલામત સ્થળે રૂબરૂમાં મળીને (આ કદાચ સમાજમાં, સિટી સેન્ટરમાં આવેલા કોઈ જાહેર સ્થળે અથવા અમારા સિટી સેન્ટરના મથકમાં હોઈ શકે)
- તમારી અંગત વિગતો ખાનગી રાખીશું. સુરક્ષાનાં કારણોસર આની પર મર્યાદા મૂકવામાં આવેલી છે અને તમે જ્યારે અમને ફોન કરશો ત્યારે અમે તમને તે સમજાવીશું.

**અમે શું આપી શકીએ છીએ?**

- ઘરેલૂ હિંસા લોકોને કેવી રીતે અસર કરી શકે છે તે વિશે નિષ્ણાત અનુભવ, જ્ઞાન અને સંભાળ
- સ્થાનિક, રાષ્ટ્રિય અને નિષ્ણાત સેવાઓ વિશે માહિતી
- જોખમના મૂલ્યાંકન વિશે સુરક્ષા સલાહ
- એક કરતાં વધારે ભાષા બોલી શકતાં સ્વયંસેવકો અને કર્મચારીઓ મેળવી શકવાં
- ગુનેગારો માટેના કાર્યક્રમો મેળવી શકવા

**અમે આ પણ કરીએ છીએ...**

- યુવાન લોકો સાથે મળીને વર્કશોપ્સ ચલાવીએ છીએ
- કર્મચારીઓ અથવા સામાજિક જૂથો માટે તાલીમ પૂરી પાડીએ છીએ
- પ્રચાર ઝૂંબેશો કરીએ છીએ અને જાગૃતિ વધારતી બેઠકો ગોઠવીએ છીએ
- ધાર્મિક સમુદાયો અને આધ્યાત્મિક આગેવાનો સાથે મળીને કામ કરીએ છીએ
- ઘરેલૂ હિંસા પ્રતિ સમગ્ર શહેર વ્યાપ્ત યોજનાનો અભિગમ વિકસાવવા માટે કામ કરીએ છીએ
- સ્વેચ્છાએ સેવા આપવાની તકો પ્રદાન કરીએ છીએ

ડોમેસ્ટિક વાયોલન્સ
ઈન્ટિગ્રેટેડ રીસ્પોન્સ
પ્રોજેક્ટ

# અમે કોણ છીએ...?

**ડોમેસ્ટિક વાયોલન્સ ઈન્ટિગ્રેટેડ રીસ્પોન્સ પ્રોજેક્ટ 3 મુખ્ય પરિબળોનો બનેલો છે:**

ટેલિફોન પર ટેકો આપતી સેવા, જેમાં મહિલા કર્મચારીઓ અને સ્વયંસેવકો (વોલન્ટીયરો) કામ કરે છે. જેમના જીવન પર ઘરેલૂ હિંસાથી અસર થઈ હોય તેવાં દરેક લોકો માટે આ સેવા છે. ડી.વી.આઈ.આર.પી. હિંસા કરનારાં લોકો અને તેમના પરિવારો માટે પણ ટેકો પૂરો પાડે છે.

ડી.વી.આઈ.આર.પી. પાસે ડોમેસ્ટિક વાયોલન્સ એડવોકસી વર્કરો છે, જેઓ ઘરેલૂ હિંસાનો ભોગ બની રહેલાં કાળાં અને લઘુમતી સમાજનાં લોકોને ટેકો પ્રદાન કરે છે. એડવોકસી વર્કરો રૂબરૂમાં મળીને ખાનગીમાં ટેકો, સમર્થન અને માહિતી પણ પૂરી પાડે છે. એડવોકસી વર્કરો ઘણી ભાષાઓમાં સહેલાઈથી વાત કરી શકે છે.

